# GSSSB CCE 2026

## Combined Competitive Examination · Advt 378 · CBRT 16–29 Sep 2026 · Question Paper

**Gujarati**

Complete Paper · 150 Questions · Official Answer Key

## About this Compilation

This booklet contains the complete question paper of the **GSSSB Combined Competitive Examination (Advt 378) 2026** examination in **Gujarati**, with the correct option marked as per the official answer key.

✓ Correct option (highlighted green)

### How to use

- Use the **Index** page to jump directly to any set (clickable).
- Questions appear section by section in the order of the paper, numbered 1 onward.
- Diagram and wide-table questions appear at full width at the end of their section.
- The correct answer is highlighted in green with a tick.

### More from QMaths

Check your marks, normalized score and zone-wise rank free at **rank.qmaths.in**. Master English vocabulary with the **Blackbook** app.





***Toppers' Choice, Blackbook of English Vocabulary, Now available in App format : DOWNLOAD NOW***

# Index — All Sets (click to open)

Set 1 28 Sep 2026
1:00 PM - 3:00 PM

## English

15 Questions • Answer Key

**Q1** English

She enrolled in a course on creative writing this semester.

What is the other meaning of the word "course"?

A. The colour painted on a wall

B. The material used to build roads

C. The direction followed by a river ✓

D. The distance measured by a ruler

**Q2** English

Choose the most appropriate option to complete the sentence:
The orchestra ___ beautifully last night, and the audience ___ their appreciation with a standing ovation.

A. perform, express

B. performing, expressing

C. performed, expressed ✓

D. performs, expresses

**Q3** English

What does the phrase “Don’t put all your eggs in one basket” mean?

A. Use baskets carefully

B. Invest everything at once

C. Diversify to reduce risk ✓

D. Focus only on one opportunity

**Q4** English

Select the most appropriate option to fill in the blank
The journalist reported that the government _____ a new policy on renewable energy in the previous parliamentary session.

A. would introduce

B. had introduced ✓

C. has introduced

D. introduced

**Q5** English

Complete the sentence with the correct article. Choose ‘No article required’ if the sentence doesn’t require any article.

She adopted ___ puppy from the animal shelter.

A. the

B. a ✓

C. an

D. No article required

**Q6** English

"I do not like long novels." નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?

A. મને લાંબી વાર્તાઓ ગમતી નથી.

B. મને લાંબી નવલકથાઓ ગમતી નથી. ✓

C. હું દરરોજ નવી નવલકથા લખું છું.

D. મને લાંબી નવલકથાઓ વાંચવી ખૂબ ગમે છે.

**Q7** English

Select the most appropriate synonym of the highlighted word in the given sentence.

His **benevolent** actions earned him respect in the community.

A. neutral

B. strict

C. kind ✓

D. selfish

**Q8** English

Select the most appropriate noun to fill in the blank.

Jane was delighted to find an extra ________ in her paycheck for outstanding performance.

A. collection

B. bonus ✓

C. contract

D. agreement

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q9** English

Sentences of a paragraph are given below. The first sentence (S) is correctly placed. The remaining sentences are jumbled.
Rearrange them to form a coherent and meaningful paragraph.
S. Though they cannot speak, plants still share information.
A. These nearby trees respond by building their defences.
B. They do this by sending chemical signals into the air or soil.
C. For example, trees attacked by insects send warning signals to nearby trees.
D. This shows that plants have a smart survival system.

A. SCDAB
B. SADBC
C. SBCAD ✓
D. SDACB

**Q10** English

Select the option which means the same as the group of words given.
The particular importance or attention that is given to something.

A. Frame
B. Hope
C. Inspection
D. Emphasis ✓

**Q11** English

Select the correct sentence from the following options that transforms the given sentence to Passive voice.
I selected this candidate for this role.

A. This candidate is selected for this role by me.
B. This candidate has been selected for this role by me.
C. This candidate was selected for this role by me. ✓
D. This candidate will be selected for this role by me.

**Q12** English

Select the correct one-word substitution for "one who is liable to make a mistake or to go wrong," or "make mistakes; prone to failure."

A. Infallible
B. Faultless
C. Fallible ✓
D. Impeccable

**Q13** English

Write the given sentence in the past continuous tense:
The students discuss the main idea in class.

A. The students are discussing the main idea in class.
B. The students had discussed the main idea in class.
C. The students were discussing the main idea in class. ✓
D. The students discussed the main idea in class.

**Q14** English

Choose the correct form of the future tense from the options given below.
I am placing this note on the desk so that it _______ his attention.

A. will be catching
B. will catch ✓
C. would have catched
D. will have catched

**Q15** English

Transform the compound sentence into a complex sentence.
She finished her homework, and she went out to play.

A. After she finished her homework, she went out to play. ✓
B. She finished her homework so she went out to play.
C. She finished her homework but she went out to play.
D. She finished her homework and she went out to play.

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q16** Gujarati

'ગૌશાળા' શબ્દનો સમાસ ઓળખાવો.

A. દ્વંદ્વ

B. કર્મધારય

C. બહુવ્રીહિ

D. તત્પુરુષ ✓

**Q17** Gujarati

અલંકાર ઓળખાવો: ખુશી ખડખડાટ હસી, ને ખેતર ખીલી ઊઠ્યું.

A. વર્ણાનુપ્રાસ અલંકાર ✓

B. અનન્વય અલંકાર

C. શ્લેષ અલંકાર

D. વ્યાજસ્તુતિ અલંકાર

**Q18** Gujarati

'મોટું ગામતરું કરવું' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય?

A. ઘર બદલવું.

B. મોટું ગામ જોવું.

C. મૃત્યુ પામવું. ✓

D. પ્રવાસે જવું.

**Q19** Gujarati

'દિ' માંથી 'દી' બનાવવા માટે કયા સ્વરમાં ફેરફાર કરવો પડશે?

A. 'એ' ના સ્થાને 'ઐ'

B. 'ઉ' ના સ્થાને 'ઊ'

C. 'ઈ' ના સ્થાને 'ઇ'

D. 'ઇ' ના સ્થાને 'ઈ' ✓

**Q20** Gujarati

આ સાથે આપેલ ગુજરાતી વાક્યનો યોગ્ય અંગ્રેજી અનુવાદ ઓળખાવો : કેરી પીળી છે.

A. The mango is yellow. ✓

B. The mango yellow is.

C. The mango are yellow.

D. A mangoes is yellow.

**Q21** Gujarati

હઠ્યા ન લવ તો ય સાહસિક સર્વ કૂદી પડ્યા : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.

A. પૃથ્વી ✓

B. શિખરિણી

C. હરિણી

D. મંદાક્રાન્તા

**Q22** Gujarati

"પ્રદર્શન" શબ્દનો સાચો અંગ્રેજી શબ્દ કયો છે?

A. Failure

B. Rest

C. Hide

D. Exhibition ✓

**Q23** Gujarati

આપેલ વિકલ્પમાંથી શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો : 'મીઠું પકવવાની જમીન'

A. નદી

B. અગર ✓

C. તળાવ

D. દરિયો

**Q24** Gujarati

'મતંગ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

A. ઘોડો

B. હરણ

C. સિંહ

D. હાથી ✓

**Q25** Gujarati

નીચેનામાંથી સર્વનામ સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો.

A. કાળી સોટી વડે કૂતરાને ભગાડવામાં આવ્યો.

B. મહેમાનો કલાક પહેલાં ઘર આગળ આવી ગયા.

C. એમાં મારે શી લેવાદેવા? ✓

D. દરિયામાં મોટા મોજાં સતત ઉછળે છે.

Blackbook Vocabulary — Now in the App! ▸ Download Now on Google Play

**Q26** Gujarati

સાચી જોડણીવાળું વાક્ય શોધો:

A. વડીલોના આશીર્વાદ હમેશાં સુખદાયી નિવડે છે.

B. વડીલોના આશીર્વાદ હંમેશાં સુખદાયી નીવડે છે. ✓

C. વડીલોના આશીર્વાદ હંમેશા સુખદાયી નીવડે છે.

D. વડીલોના આશિર્વાદ હમેંશા સુખદાયી નિવડે છે.

**Q27** Gujarati

નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.

A. આધુનિક વૈજ્ઞાનિકો શોધવા માટે રહસ્યો અંતરીક્ષનું સતત નવા પ્રયોગો કરું છે.

B. શોધવા માટે અંતરીક્ષના રહસ્યો આધુનિક વૈજ્ઞાનિકો સતત નવા પ્રયોગો કરતી છેં.

C. કરે છેં પરોગ નવો સવત શોધવા માટે આધુનિક વૈજ્ઞાનિકો અંતરીક્ષના રહસ્યો.

D. આધુનિક વૈજ્ઞાનિકો અંતરિક્ષના રહસ્યો શોધવા માટે સતત નવા પ્રયોગો કરે છે. ✓

**Q28** Gujarati

'ત, થ, દ, ધ' ધ્વનિઓ કઈ શ્રેણીના છે?

A. દંત્ય ✓

B. તાલવ્ય

C. ઓષ્ઠ્ય

D. અનુનાસિક

**Q29** Gujarati

'અભૂતપૂર્વ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

A. તુચ્છ

B. સરળ

C. સામાન્ય

D. બેનમૂન ✓

**Q30** Gujarati

નીચેનામાંથી સાચો ક્રમ કયો છે?

A. વટાણા, વજન, વરસાદ, વનરાજ

B. વજન, વટાણા, વનરાજ, વરસાદ ✓

C. વરસાદ, વજન, વટાણા, વનરાજ

D. વનરાજ, વરસાદ, વજન, વટાણા

## General Awareness

30 Questions • Answer Key

**Q31** General Awareness

નીચેનામાંથી કઈ પરિસ્થિતિ ગુરુત્વીય સ્થિતિઉર્જાનું ગતિઉર્જામાં રૂપાંતર થવાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે?

A. ટેબલ પર સ્થિર પડેલું પુસ્તક

B. બંધ કરેલો સીલિંગ ફેન

C. વૃક્ષ પરથી મુક્ત પતન કરતો પથ્થર ✓

D. સ્થિર ઊભેલી સાઇકલ

**Q32** General Awareness

કોણે વર્ષ 2026 નો કાલ્પનિક સાહિત્ય માટેનો મહિલા પુરસ્કાર (Women's Prize for Fiction) જીત્યો હતો?

A. સારા મિચેલ (Sarah Mitchell)

B. વર્જિનિયા ઇવાન્સ (Virginia Evans) ✓

C. ઓલિવિયા ટર્નર (Olivia Turner)

D. જુલિયા ગ્રાન્ટ (Julia Grant)

**Q33** General Awareness

નીચેનામાંથી કઈ ઐતિહાસિક ઘટના એ વાતનો સૌથી મજબૂત પુરાવો આપે છે કે લાંબાગાળાના આબોહવાકીય ફેરફારોએ (climate variability) માનવ વસાહતોની તરાહ (human settlement patterns) પર ઊંડી અસર પાડી છે?

A. સાહેલના દુષ્કાળને કારણે આફ્રિકામાં પાણીની તીવ્ર અછત સર્જાઈ

B. અનુકૂળ / ગરમ વાતાવરણ દરમિયાન વાઈકિંગ્સ ગ્રીનલેન્ડમાં સ્થાયી થયા ✓

C. 1885 અને 1940 ની વચ્ચે વૈશ્વિક તાપમાનમાં વધારો થયો

D. ડસ્ટ બાઉલના દુષ્કાળે યુનાઇટેડ સ્ટેટ્સના ખેતરોને અસર કરી

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q34** General Awareness

એલન ઓક્ટેવિયન હ્યુમ (Allen Octavian Hume) દ્વારા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના માટે નીચેનામાંથી કયું મુખ્ય કારણ દર્શવવામાં આવ્યું હતું?

A. લશ્કરમાં ભારતીયકરણ સ્થાપિત કરવાનો ઉદ્દેશ

B. ભારતીયોની ફરિયાદોના નિવારણ માટે એક બંધારણીય સંસ્થાની જરૂરિયાત ✓

C. સરકારી નોકરીઓમાં ભારતીય પ્રતિનિધિત્વ વધારવાની ઇચ્છા

D. પ્રાંતોમાં જવાબદાર સરકાર બનાવવાનો ઇરાદો

**Q35** General Awareness

મે 2026 માં, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે સોલા સ્થિત 'મા ઉમિયાધામ' ખાતે કુમાર અને કન્યા છાત્રાલયનું ઉદ્ઘાટન કર્યું હતું. આ છાત્રાલયનું સંચાલન કયા શહેરમાં આવેલી 'ઉમિયા માતાજી સંસ્થાન' દ્વારા કરવામાં આવે છે?

A. સિદ્ધપુર

B. પાટણ

C. વિસનગર

D. ઊંઝા ✓

**Q36** General Awareness

અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ કરો' (Divide and Rule) ની નીતિના ભાગરૂપે 1909માં નીચેનામાંથી કોણે મુસ્લિમો માટે અલગ મતદારમંડળોની પદ્ધતિ દાખલ કરી હતી?

A. ભારતીય વિધાનસભા અધિનિયમ

B. મોર્લી-મિન્ટો સુધારાઓ (Morley-Minto Reforms) ✓

C. ભારતીય દંડ સંહિતા

D. મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા (Montague Chelmsford Amendment)

**Q37** General Awareness

ભારતે 2026 માં લોઅર અર્થ ઓર્બિટ (LEO) માટે તેની પેલોડ (payload) ક્ષમતાને નોંધપાત્ર રીતે વધારવા માટે કયા લોન્ચ વાહનના વિકાસને મંજૂરી આપી?

A. નેક્સ્ટ જનરેશન લોન્ચ વ્હીકલ (NGLV) ✓

B. જિયોસિંક્રનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (GSLV)

C. પોલર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (PSLV)

D. સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV)

**Q38** General Awareness

પૃથ્વીની સરખામણીમાં જ્યારે ચંદ્ર પર કોઈ વ્યક્તિના વજનનું માપન કરવામાં આવે છે, ત્યારે તેનું વજન કેમ ઓછું થાય છે?

A. ચંદ્ર પર વ્યક્તિનું કદ ઘટે છે.

B. ચંદ્ર પર વ્યક્તિનું દળ ઘટે છે.

C. ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળ કરતાં નબળું હોય છે. ✓

D. ચંદ્ર પર વ્યક્તિની ઘનતા બદલાય છે.

**Q39** General Awareness

માર્ચ 2026 માં કયા સ્વદેશી નેવિગેશન ઉપગ્રહે ભ્રમણકક્ષામાં તેનું 10 વર્ષનું કાર્યરત મિશન આયુષ્ય (operational mission life) પૂર્ણ કર્યું?

A. NVS-01

B. Cartosat-2E

C. GSAT-7A

D. IRNSS-1F ✓

**Q40** General Awareness

કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા વર્ષ 2026 માં 'ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ' બહાર પાડવામાં આવ્યો હતો?

A. યુનાઇટેડ નેશન્સ (United Nations)

B. ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (International Monetary Fund)

C. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (World Trade Organization)

D. વર્લ્ડ બેંક (World Bank) ✓

**Q41** General Awareness

પ્રારંભિક વૈદિક આર્યોનો મુખ્ય વ્યવસાય શું હતો?

A. પશુપાલન ✓

B. વેપાર

C. માછીમારી

D. કૃષિ

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q42** General Awareness

ભારતના બંધારણ દ્વારા નીચેનામાંથી કઈ સંસ્થાને નગરપાલિકાઓની નાણાકીય સ્થિતિની સમીક્ષા કરવાની અને તેમની નાણાકીય સ્થિતિ સુધારવા માટે જરૂરી પગલાં અંગેની ભલામણો રાજ્યપાલને કરવાની સત્તા આપવામાં આવી છે?

A. રાજ્ય નાણાં પંચ ✓

B. ભારતીય નાણાં પંચ

C. જિલ્લા આયોજન સમિતિ

D. ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક

**Q43** General Awareness

ફેબ્રુઆરી 2026 માં ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના અહેવાલ મુજબ, "HASHTIC" ગતિશીલતા (mobility) પહેલ પાછળની મુખ્ય ટેકનોલોજી કઈ છે?

A. મેગ્નેટિક લેવિટેશન હેવી રેલવે ટ્રેક્સ

B. 2. AI-સક્ષમ એલિવેટેડ ઇલેક્ટ્રિક પોડ સિસ્ટમ ✓

C. હાઇડ્રોજન સંચાલિત જાહેર પરિવહન બસો

D. ભૂગર્ભ હાયપરલૂપ કાર્ગો ટનલ્સ

**Q44** General Awareness

નીચેનામાંથી કયું ભારતની સંસદની બંધારણીય રચનાનું યોગ્ય વર્ણન કરે છે?

A. રાષ્ટ્રપતિ, મંત્રી પરિષદ અને લોકસભા

B. રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને સંસદના બંને ગૃહો

C. રાજ્યસભા, લોકસભા અને સુપ્રીમ કોર્ટ

D. રાષ્ટ્રપતિ, રાજ્યસભા અને લોકસભા ✓

**Q45** General Awareness

પ્રવાહી બેસાલ્ટિક લાવાના વારંવારના પ્રસ્ફુટનથી કયું જ્વાળામુખીય ભૂસ્વરૂપ રચાય છે?

A. સ્તરીય જ્વાળામુખી (Composite volcano)

B. જ્વાળાકુંડ (Caldera)

C. લાવા ડોમ (Lava dome)

D. શીલ્ડ જ્વાળામુખી (Shield volcano) ✓

**Q46** General Awareness

નીચેનામાંથી કયું વિધાન પ્રસ્તુતિ દરમિયાન ભરતનાટ્યમ નૃત્ય શૈલીની મુખ્ય વિશેષતા દર્શાવે છે?

A. મજબૂત પદચલન સાથે ભૌમિતિક મુદ્રાઓ, મનમોહક હલનચલનોનો ઉપયોગ ✓

B. સાદી વેશભૂષા અને મર્યાદિત સુશોભન આભૂષણોનો ઉપયોગ

C. સંયમિત અભિવ્યક્તિઓ અને ન્યૂનતમ નાટકીય હાવભાવનો ઉપયોગ

D. ઝડપી કૂદકા અને સતત કસરતી કરતબોનો ઉપયોગ

**Q47** General Awareness

નીતિ (NITI) આયોગના 2026 ના 'ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલિનેસ ઈન્ડેક્સ (Investment Friendliness Index)' મુજબ મોટા રાજ્યોમાં કયા રાજ્યે પ્રથમ સ્થાન મેળવ્યું છે?

A. મહારાષ્ટ્ર

B. કર્ણાટક

C. ગુજરાત ✓

D. તમિલનાડુ

**Q48** General Awareness

બ્રિટિશ કાળના કયા કાયદા દ્વારા બ્રિટિશ ભારતમાં પ્રાંતીય સ્વાયત્તતાની (provincial autonomy) પ્રણાલી દાખલ કરવામાં આવી હતી?

A. ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ એક્ટ, 1947

B. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1935 ✓

C. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1919

D. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1909

**Q49** General Awareness

વિશ્વ સિકલ સેલ દિવસ (World Sickle Cell Day) 2026 ની સત્તાવાર થીમ શું છે?

A. યુનિવર્સલ કેર: અ રાઇટ ફોર ઓલ (Universal Care: A Right for All)

B. એલિમિનેટિંગ બેરિયર્સ: હોપ એન્ડ હેલ્થ (Eliminating Barriers: Hope and Health)

C. ક્લોઝિંગ ધ સર્વાઇવલ ગેપ: ઇક્વિટી ઇન સિકલ સેલ ડિસીઝ (Closing the Survival Gap: Equity in Sickle Cell Disease) ✓

D. એક્સેસ ફોર ઓલ: પાર્ટનરશિપ ફોર પ્રોગ્રેસ (Access for All: Partnership for Progress)

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q50** General Awareness

પ્રાચીન અને પ્રારંભિક મધ્યકાલીન ભારતમાં અગ્રહાર (Agrahara) ને નીચેનામાંથી કયું વાક્ય સૌથી યોગ્ય રીતે વર્ણવે છે?

A. વેપારી મહાજનો (merchant guilds) માટે સ્થાપિત કરાયેલી વ્યાપારી વસાહત

B. સૈન્ય કર્મચારીઓ માટે સ્થાપિત કરાયેલી કિલ્લેબંધીવાળી વસાહત

C. બ્રાહ્મણોને આપવામાં આવેલી જમીન અનુદાન (ભૂમિ દાન), જે ઘણીવાર મહેસૂલ મુક્તિ સાથે હોય છે ✓

D. શાહી અધિકારીઓ માટે બનાવવામાં આવેલ રહેણાંક સંકુલ

**Q51** General Awareness

ભગવાન બુદ્ધના સમયગાળા દરમિયાન પ્રાકૃત અને સંસ્કૃત વચ્ચેના સંબંધને કયું વિધાન સૌથી શ્રેષ્ઠ રીતે સમજાવે છે?

A. પ્રાકૃત અને સંસ્કૃત બંનેનો ઉપયોગ મુખ્યત્વે વિધિઓ અને શિક્ષણ માટે થતો હતો.

B. પ્રાકૃત લોકબોલી તરીકે ઉપયોગમાં લેવાતી હતી, જ્યારે સંસ્કૃતનો ઉપયોગ શિક્ષણ માટે થતો હતો. ✓

C. સંસ્કૃત એક સામાન્ય બોલી તરીકે સેવા આપતી હતી, જ્યારે પ્રાકૃત વિદ્વાનોની ભાષા હતી.

D. સમાજમાં પ્રાકૃત કે સંસ્કૃત બંનેમાંથી એકપણ ભાષા મહત્વનું સ્થાન ધરાવતી ન હતી.

**Q52** General Awareness

"ક્રિમસન સ્પ્રિંગ (Crimson Spring)" નામની નવલકથા માટે અંગ્રેજી ભાષાની શ્રેણીમાં કયા જાણીતા લેખક/ કઈ જાણીતી લેખિકાને સાહિત્ય અકાદમી પુરસ્કાર 2025 થી સન્માનિત કરવામાં આવ્યા હતા/ આવી હતી?

A. એન. પ્રભાકરન (N. Prabhakaran)

B. જિન્દર સિંહ (Jinder Singh)

C. નવતેજ સરના (Navtej Sarna) ✓

D. મમતા કાલિયા (Mamta Kalia)

**Q53** General Awareness

UNDP માનવ વિકાસ સૂચકાંક (HDI) અનુસાર, 0.800 કે તેથી વધુ HDI મૂલ્ય ધરાવતા દેશોને ___________ ધરાવતા દેશો તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

A. અત્યંત ઉચ્ચ સ્તરનો માનવ વિકાસ ✓

B. નિમ્ન માનવ વિકાસ

C. અત્યંત નિમ્ન સ્તરનો માનવ વિકાસ

D. મધ્યમ સ્તરનો માનવ વિકાસ

**Q54** General Awareness

રાષ્ટ્રીય આવક અને વસ્તીનું કદ - બંનેને ગણતરીમાં લઈને, કયો સૂચક (indicator) વસ્તીની સરેરાશ આર્થિક સુખાકારીને વધુ સારી રીતે દર્શાવે છે?

A. રાષ્ટ્રીય આવકની ઉત્પાદન પદ્ધતિ

B. અર્થતંત્રમાં માળખાકીય પરિવર્તન

C. માથાદીઠ આવક ✓

D. રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ દર

**Q55** General Awareness

આર્થિક વ્યવસ્થાઓના સંદર્ભમાં, કયા પ્રકારનું અર્થતંત્ર કઈ વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવશે અને તેમનું વિતરણ કેવી રીતે કરવામાં આવશે તેનો નિર્ણય કરવા માટે મુખ્યત્વે પુરવઠા અને માંગના બજાર-પરિબળો પર આધાર રાખે છે?

A. બજાર અર્થતંત્ર (market economy) ✓

B. સમાજવાદી અર્થતંત્ર (socialist economy)

C. મિશ્ર અર્થતંત્ર (mixed economy)

D. નિયંત્રિત અર્થતંત્ર (command economy)

**Q56** General Awareness

સાંચી અને ભરહૂત (Bharhut) જેવા પ્રારંભિક બૌદ્ધ સ્તૂપો કઈ સ્થાપત્યકીય લાક્ષણિકતા માટે સૌથી વધુ જાણીતા છે?

A. વેદિકા અને તોરણો પર કથાત્મક શિલ્પો ✓

B. સુશોભિત શિલ્પોની ગેરહાજરી

C. 3.
ઇસ્લામિક ભૌમિતિક કમાનો

D. સંપૂર્ણ વિકસિત મંદિરના શિખરો

**Q57** General Awareness

ઊંડાઈ અને ભુ-સ્વરૂપોની લાક્ષણિકતાઓના આધારે નીચેનામાંથી કયું સમુદ્રતળના મુખ્ય ભાગોને દર્શાવે છે?

A. ખંડીય છાજલીઓ, નદી ખીણો અને પર્વતમાળાઓ

B. ખંડીય કિનારાઓ (ખંડીય સીમાન્ત), ઊંડા સમુદ્રીય મેદાનો અને મધ્ય-મહાસાગરીય પર્વતમાળાઓ ✓

C. મહાસાગરીય પ્રવાહો, પરવાળાના ટાપુઓ (ખડકો) અને દરિયાકાંઠાના મેદાનો

D. અગાધ સમુદ્રીય મેદાનો, ટાપુઓ અને દરિયાકાંઠાના વિસ્તારો

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q58** General Awareness

જમીનના કોઈ એક ટુકડા પર પૂર્વ-આયોજિત ક્રમ અનુસાર બદલી-બદલીને વિવિધ પાક ઉગાડવાની પદ્ધતિને શું કહેવાય છે?

A. આંતર-પાક પદ્ધતિ
B. પાક સુરક્ષા
C. પાક વ્યવસ્થાપન
D. પાકની ફેરબદલી ✓

**Q59** General Awareness

નીચેનામાંથી કયું સમુદ્રના તળિયાના માળખામાં ખંડીય કિનારા (continental margins) ના મહત્ત્વને શ્રેષ્ઠ રીતે સમજાવે છે?

A. તે ખંડ અને ઊંડા સમુદ્રી બેસિન (deep-sea basins) વચ્ચેના સંક્રમણ કે જોડાણ તરીકે કાર્ય કરે છે. ✓
B. તે સમુદ્રતળના સૌથી ઊંડા પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરે છે.
C. તે સમુદ્ર પ્રવાહો અને મોજાની ક્રિયાઓ દ્વારા વિકસિત થાય છે.
D. તેમાં મુખ્યત્વે પાણીની અંદર આવેલી જ્વાળામુખી પર્વતમાળાઓનો સમાવેશ થાય છે.

**Q60** General Awareness

અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા (AIIA)એ કેશલેસ આયુર્વેદ સારવાર કવરેજ પ્રદાન કરવા માટે કઈ સંસ્થા સાથે ફેબ્રુઆરી 2026 માં કોમન એમ્પેનલમેન્ટ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા હતા?

A. જનરલ ઇન્સ્યોરન્સ કાઉન્સિલ ✓
B. ઓરિએન્ટલ ઇન્સ્યોરન્સ કંપની
C. લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
D. નેશનલ હેલ્થ ઓથોરિટી

## Quantitative Aptitude

30 Questions • Answer Key

**Q61** Quantitative Aptitude

36 અને 81 વચ્ચેનું મધ્યમ પ્રમાણપદ કઈ સંખ્યા છે?

A. 54 ✓
B. 48
C. 45
D. 60

**Q62** Quantitative Aptitude

એક ચૂંટણીમાં, કુલ 900 માન્ય મતો પડ્યા હતા. જો ઉમેદવાર Bએ 180 મતોના અંતરથી વિજય મેળવ્યો હોય અને સ્પર્ધામાં માત્ર બે ઉમેદવારો હતા, તો હારનાર ઉમેદવારને કેટલા મત મળ્યા હતા?

A. 720
B. 360 ✓
C. 540
D. 450

**Q63** Quantitative Aptitude

નીચેનામાંથી સંખ્યાઓની કઈ જોડીનો ગુરુત્તમ સામાન્ય અવયવ (ગુ.સા.અ.) 8 થાય?

A. 24 અને 40 ✓
B. 56 અને 84
C. 48 અને 72
D. 32 અને 64

**Q64** Quantitative Aptitude

પદ-વિચલન પદ્ધતિમાં, જો વર્ગ લંબાઈ 10 ના બદલે ભૂલથી 5 લેવામાં આવે, તો ગણતરી કરેલ મધ્યક પર કેવી રીતે અસર થશે?

A. માત્ર ધરેલા મધ્યક પર જ અસર થશે
B. ગણતરી કરેલ મધ્યક હંમેશા નાનો રહેશે
C. મધ્યકને ખોટો માપવામાં આવશે અને તે વાસ્તવિક મધ્યવર્તી સ્થિતિનું માપ દર્શાવશે નહીં ✓
D. મધ્યક યથાવત રહેશે

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q65** Quantitative Aptitude

એક સાયકલ સવાર 15 km/h ની ઝડપે 2 કલાક સવારી કરે છે. તો સાયકલ સવારે કેટલી મુસાફરી કરી હશે?

A. 13 km
B. 7.5 km
C. 30 km ✓
D. 17 km

**Q66** Quantitative Aptitude

14 cm ત્રિજ્યા અને 30 cm ઊંચાઈ ધરાવતા ધાતુના એક ઘન નળાકાર બ્લોકને ઓગાળીને તેમાંથી 2 cm ત્રિજ્યા અને 15 cm ઊંચાઈ ધરાવતા નાના ઘન નળાકાર સળિયા બનાવવામાં આવે છે. તો આવા કેટલા સળિયા બનાવી શકાય?

A. 72
B. 90
C. 84
D. 98 ✓

**Q67** Quantitative Aptitude

પાઇપ A એક કુંડ 10 કલાકમાં ભરી શકે છે, અને પાઇપ B તે જ કુંડ 15 કલાકમાં ભરી શકે છે. જો બંને પાઈપ એકસાથે ખોલવામાં આવે અને 5 કલાક પછી પાઇપ A બંધ કરવામાં આવે, તો બાકીનો ભાગ ભરવામાં એકલા પાઇપ B ને કેટલા કલાક લાગશે?

A. 4 કલાક
B. 3.5 કલાક
C. 2.5 કલાક ✓
D. 2 કલાક

**Q68** Quantitative Aptitude

જો એક શંકુની ત્રિજ્યા 5 cm અને તિર્યક ઊંચાઈ 10 cm હોય, તો તેનું વક્ર સપાટીનું ક્ષેત્રફળ કેટલું હશે? (π = 3.14 નો ઉપયોગ કરો.)

A. 1. 157 $cm^2$ ✓
B. 2. 314 $cm^2$
C. 3. 78.5 $cm^2$
D. 4. 50 $cm^2$

**Q69** Quantitative Aptitude

બે મિત્રોની હાલની ઉંમરનો ગુણોત્તર 4:7 છે. છ વર્ષ પછી, તેમની ઉંમરનો ગુણોત્તર 5:8 થશે. તો નાના મિત્રની હાલની ઉંમર (વર્ષોમાં) કેટલી હશે?

A. 21
B. 24 ✓
C. 28
D. 18

**Q70** Quantitative Aptitude

₹2,000 ની રકમ વાર્ષિક 10% ના દરે, 2 વર્ષ માટે અર્ધવાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ થતા વ્યાજે રોકવામાં આવે છે. નીચેનામાંથી કયો વિકલ્પ ચક્રવૃદ્ધિ ગાળા (compounding period) દીઠ વ્યાજ દર અને ચક્રવૃદ્ધિ ગાળા (compounding periods)ની કુલ સંખ્યાને યોગ્ય રીતે દર્શાવે છે?

A. 5% અને 4 ✓
B. 5% અને 2
C. 10% અને 4
D. 10% અને 2

**Q71** Quantitative Aptitude

જો કોઈ વેપારીને ₹120 પડતર કિંમત ધરાવતી વસ્તુ પર ₹15 નો નફો થાય છે, તો નફાની ટકાવારી કેટલી થશે?

A. 15.5%
B. 12.5% ✓
C. 20.8%
D. 10.2%

**Q72** Quantitative Aptitude

એક બેંકની ડિજિટલ ફિક્સ્ડ ડિપોઝિટ યોજનામાં એક ગ્રાહક ₹2,000 નું રોકાણ કરે છે. આ ડિપોઝિટ પર 3 વર્ષના સમયગાળા દરમિયાન ₹300 નું સાદું વ્યાજ મળે છે. તો બેંક દ્વારા આપવામાં આવતો વાર્ષિક વ્યાજનો દર કેટલો છે?

A. 6%
B. 8%
C. 4%
D. 5% ✓

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q73** Quantitative Aptitude

₹10,000 નું મુદ્દલ (principal) વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતા વાર્ષિક 5% ના ચક્રવૃદ્ધિ વ્યાજ દરે 3 વર્ષ માટે રોકવામાં આવે છે. તો 3 વર્ષ પછી મળતું ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું થશે?

A. ₹1,650.30

B. ₹1,576.25 ✓

C. ₹1,500.15

D. ₹1,450.50

**Q74** Quantitative Aptitude

મૂલ્ય શોધો: $63^2 - 57^2$

A. 600

B. 660

C. 780

D. 720 ✓

**Q75** Quantitative Aptitude

એક જથ્થાબંધ વેપારી ₹10,296 માં 72 રમકડાં ખરીદે છે. જો દરેક રમકડાની કિંમત સમાન રહે, તો તે ₹4,147 માં કેટલા રમકડાં ખરીદી શકે?

A. 32

B. 35

C. 29 ✓

D. 27

**Q76** Quantitative Aptitude

બિંદુ A(x, y) ઋણ x-અક્ષ પર આવેલું છે. જો A નું મૂળ સ્થાનથી અંતર 7 એકમ હોય, તો x + y નું મૂલ્ય શોધો?

A. 7

B. 14

C. -7 ✓

D. 0

**Q77** Quantitative Aptitude

એક દુકાનદાર ₹200માં એક નોટબુક ખરીદે છે અને તેને ₹240માં વેચે છે. તો નફાની ટકાવારી કેટલી થશે?

A. 20% ✓

B. 10%

C. 15%

D. 25%

**Q78** Quantitative Aptitude

જો દ્વિઘાત સમીકરણ $3x^2 + 4x + 2 = 0$ ના વિવેચકની ગણતરી કરવામાં આવે, તો આ સમીકરણના બીજ કેવા પ્રકારના હશે?

A. બે સમાન વાસ્તવિક બીજ

B. બે કોમ્પ્લેક્સ (કાલ્પનિક) બીજ [Two complex (imaginary) roots] ✓

C. એક પુનરાવર્તિત વાસ્તવિક બીજ [One repeated real root]

D. બે ભિન્ન વાસ્તવિક બીજ

**Q79** Quantitative Aptitude

એક પાઇપ 8 કલાકમાં એક ટાંકી ભરે છે, જ્યારે તળિયા પરનો લીક 24 કલાકમાં સંપૂર્ણ ભરેલી ટાંકીને ખાલી કરી શકે છે. જો બંને એકસાથે ખુલ્લા હોય, તો ટાંકી ભરવામાં કેટલો સમય લાગશે?

A. 12 કલાક ✓

B. 9 કલાક

C. 18 કલાક

D. 6 કલાક

**Q80** Quantitative Aptitude

એક પગારદાર કર્મચારી તેની માસિક આવકના 70% ખર્ચ કરે છે અને બાકીની બચત કરે છે. પછીના મહિનામાં, તેની આવકમાં 10% નો વધારો અને તેના ખર્ચમાં 5% નો વધારો થાય છે. જો તેની માસિક બચતમાં ₹2,600 નો વધારો થાય, તો તેની મૂળ માસિક આવક (₹માં) શોધો.

A. 50,000

B. 40,000 ✓

C. 30,000

D. 60,000

**Q81** Quantitative Aptitude

પાઇપ A એક ટાંકીને 10 મિનિટમાં ભરી શકે છે અને પાઇપ B તે ટાંકીને 15 મિનિટમાં ભરી શકે છે. જો બંને પાઇપોને એકસાથે ખોલવામાં આવે, તો ખાલી ટાંકીને ભરવામાં કેટલી મિનિટ લાગશે?

A. 8

B. 6 ✓

C. 12

D. 5

Blackbook Vocabulary — Now in the App! ▶ Download Now on Google Play

**Q82** Quantitative Aptitude

જો સંખ્યાઓ 2, 8, 6 અને x પ્રમાણમાં હોય, તો x નું મૂલ્ય શું થાય?

A. 18

B. 24 ✓

C. 12

D. 32

**Q83** Quantitative Aptitude

એક સાઈકલ સવાર એક ચોક્કસ અંતર 24 km પ્રતિ કલાકની ઝડપે કાપે છે અને 18 km પ્રતિ કલાકની ઝડપે પાછો ફરે છે. જો તેને આ સમગ્ર મુસાફરીમાં કુલ 7 કલાકનો સમય લાગે, તો એક માર્ગી અંતર કેટલું છે?

A. 32 km

B. 30 km

C. 72 km ✓

D. 40 km

**Q84** Quantitative Aptitude

પાંચ વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલા ગુણ 42, 48, 50, 60 અને 70 છે. જો 50 ને ધારેલા મધ્યક (assumed mean) તરીકે લેવામાં આવે, તો ધારેલા મધ્યકથી ગુણના વિચલનો (deviations) નો સરવાળો કેટલો થાય?

A. 40

B. 0

C. -10

D. 20 ✓

**Q85** Quantitative Aptitude

એક સીડીને વર્ટીકલ દિવાલ સાથે ટેકવવામાં આવી છે. જો સીડીનો નીચેનો છેડો (foot) દિવાલથી 6 m દૂર હોય અને સીડી એ જમીન સાથે 60° નો કોણ બનાવતી હોય, તો સીડી દિવાલને જે ઊંચાઈએ સ્પર્શે છે તે ઊંચાઈ શોધો. (તમારા જવાબને એક દશાંશ સ્થાન સુધી આવરો.)

A. 6.0 m

B. 8.7 m

C. 10.4 m ✓

D. 12.2 m

**Q86** Quantitative Aptitude

એક હોડી સ્થિર પાણીમાં 10 km/h ની ઝડપે ટ્રાવેલ કરી શકે છે. જો તેને પ્રવાહની વિરુદ્ધ દિશામાં 20 km નું અંતર કાપવા માટે 2.5 કલાક લાગે, તો પ્રવાહની ઝડપ શોધો.

A. 2 km/hr ✓

B. 8 km/hr

C. 4 km/hr

D. 5 km/hr

**Q87** Quantitative Aptitude

કરણ એક સ્કૂટર ₹45,000 માં ખરીદે છે અને તેના મોડિફિકેશન પાછળ ₹5,000 નો ખર્ચ કરે છે. તે આ સ્કૂટર મોડિફિકેશન ખર્ચ સહિતની કુલ પડતર કિંમત પર 20% નફો ઉમેરીને અર્જુનને વેચે છે. અર્જુન ત્યારપછી તે સ્કૂટર વિકાસને 10% ખોટ સાથે વેચે છે. વિકાસે કેટલી અંતિમ રકમ ચૂકવી હશે?

A. ₹58,000

B. ₹56,500

C. ₹52,500

D. ₹54,000 ✓

**Q88** Quantitative Aptitude

$x^2+6x+8=0$ સમીકરણ માટે, તેના બીજોનો ગુણાકાર કેટલો થાય?

A. -6

B. -8

C. 6

D. 8 ✓

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

**Q89** Quantitative Aptitude

એક 100 મીટર પહોળા રસ્તાની બંને બાજુએ સમાન ઊંચાઈના બે થાંભલા (equal poles) સામસામે ઊભા છે. તેમના પાયાને જોડતી રેખા પર આવેલા અને મધ્ય (between) માં સ્થિત એક બિંદુથી થાંભલાઓની ટોચના ઉત્સેધકોણ 30° અને 60° જણાય છે. તો દરેક થાંભલાની ઊંચાઈ શોધો.

A. 1. $25\sqrt{3}$ મીટર ✓

B. 2. $20\sqrt{3}$ મીટર

C. 3. $50\sqrt{3}$ મીટર

D. 4. $75\sqrt{3}$ મીટર

**Q90** Quantitative Aptitude

એક શંકુ આકારના તંબુનો પાયાનો વ્યાસ (base diameter) 14 મીટર અને ઊંચાઈ 24 મીટર હોય છે. તો ઘન મીટરમાં તંબુનું ઘનફળ (volume) કેટલું થશે? ($\pi = \frac{22}{7}$ નો ઉપયોગ કરો.)

A. 980 ઘન મીટર

B. 1540 ઘન મીટર

C. 616 ઘન મીટર

D. 1232 ઘન મીટર ✓

## Reasoning

60 Questions • Answer Key

**Q91** Reasoning

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચેના ચારમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. તો કયો વિકલ્પ તે જૂથ સાથે સંબંધિત નથી? (નોંધ: અલગ પડતો વિકલ્પ વ્યંજન/સ્વરની સંખ્યા અથવા અક્ષરોના સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી.)

A. TYA ✓

B. YBH

C. PSY

D. NQW

**Q92** Reasoning

નીચે આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારી લો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય, અને નક્કી કરો કે આપેલા તારણોમાંથી કયું તારણ/ કયા તારણો વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.

**વિધાનો:**
કેટલીક કારો એ બસો છે.
બધી બસો એ ટ્રકો છે.

**તારણો:**
(I) કેટલીક કારો એ ટ્રકો છે.
(II) બધી ટ્રકો એ કારો છે.

A. ન તો તારણ (I) કે ન તો (II) અનુસરે છે.

B. ફક્ત તારણ (II) અનુસરે છે.

C. ફક્ત તારણ (I) અનુસરે છે. ✓

D. (I) અને (II) બંને તારણો અનુસરે છે.

Blackbook Vocabulary — Now in the App! ► Download Now on Google Play

generated by rank.qmaths.in

**Q93** Reasoning

નીચે આપેલા વિકલ્પોમાંથી એવો વિકલ્પ પસંદ કરો કે જેમાં આપેલા નામ અને સરનામાની બધી વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.

Ms. Nandini L. Bhattacharya, Flat 2C, Tagore Apartments, Southern Avenue, Kalighat, Kolkata, West Bengal – 700026

A. Ms. Nandini L. Bhattacharyya, Flat 2C, Tagore Apartments, Southern Avenue, Kalighat, Kolkata, West Bengal – 700026

B. Ms. Nandini L. Bhattacharya, Flat 2C, Tagore Apartments, Southern Avenue, Kalighat, Kolkatta, West Bengal – 700026

C. Ms. Nandini L. Bhattacharya, Flat 2C, Tagore Apartments, Southern Avenue, Kalighat, Kolkata, West Bengal – 700062

D. Ms. Nandini L. Bhattacharya, Flat 2C, Tagore Apartments, Southern Avenue, Kalighat, Kolkata, West Bengal – 700026 ✓

**Q94** Reasoning

નીચે બે સંખ્યા સેટ આપેલા છે, દરેક સેટમાં, પ્રથમ સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ (Operations) કરીને બીજી સંખ્યા મેળવવામાં આવે છે. એજ રીતે બીજી સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ કરીને ત્રીજી સંખ્યા મેળવવામાં આવે છે અને આગળ પણ આ જ પ્રમાણે આ ક્રિયાનું અનુસરણ કરાય છે. કયો વિકલ્પ એ સમાન ક્રિયાઓને અનુસરે છે જે પ્રશ્નમાં આપેલ સેટ દ્વારા અનુસરવામાં આવી છે?

(નોંધ - બે/ ત્રણ અંકોની સંખ્યાને ક્રિયાઓ (ઓપરેશન્સ) માટે વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાતી નથી, ઉદાહરણ તરીકે, જો 37 પછી 10 આવે, તો ઓપરેશન 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાતી નથી.)

9 - 18 - 36 - 72
8 - 16 - 32 - 64

A. 11 - 35 - 43 - 86

B. 12 - 24 - 48 - 96 ✓

C. 15 - 45 - 53 - 108

D. 13 - 40 - 47 - 94

**Q95** Reasoning

CERAMIC શબ્દમાં દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પછી આવતા અક્ષરમાં બદલવામાં આવે છે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પહેલા આવતા અક્ષરમાં બદલવામાં આવે છે. આ રીતે બનતા અક્ષરોના નવા જૂથમાં નીચેનામાંથી કયો અક્ષર ડાબી બાજુએથી ત્રીજા સ્થાને આવશે?

A. R

B. P

C. S

D. Q ✓

**Q96** Reasoning

